વડીલોને વંદન
અભિનંદન
આજે જન્મદિવસ



મનોરમાબેન કાંતિલાલ જોષી
(૧૯૩૮) ફોન : ૨૩૨ ૪૦૧૫૧

# કલોલના રેલવે ટ્રેક પર ડેમુ ટ્રેનની અડફેટે યુવાનનું મૃત્યુ

## માણસાના આજોલ ગામનો શ્રમિક યુવાન હોવાનું ખુલ્યું

કલોલ, તા. ૧૩

કલોલના રેલવે ટ્રેક પરથી આજે સવારના સુમારે પસાર થતી ડેમુ ટ્રેનની અડફેટે આવી જતાં માણસાના આજોલ ગામના યુવાનનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજતા ચકચાર મચી જવા પામી છે. ટ્રેનની અડફેટે આવેલા શ્રમિક યુવાનના પલવારલમાં રામ રમી ગયા હતા. રેલવે પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

કલોલના રેલવે ટ્રેક પર સવારે દશેક વાગ્યાના અરસામાં ડેમુ ટ્રેનની અડફેટે આવીને ચગદાઈ ગયેલા યુવાનના મૃતદેહની રેલવે પોલીસે તપાસ કરતાં ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે સ્થિત આજોલ ગામનો ૪૦ વર્ષીય શ્રમિક યુવાન કાંતીભાઈ ધુળાભાઈ સેનમા હોવાનું બહાર આવ્યું છે. તેના હાથમાં કડીયા કામને લગતા હથિયારો ભરેલી બેગ પણ હતી. રેલવે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

# ધો. ૫માં અભ્યાસ કરતી છત્રાલની વિદ્યાર્થિની ગુમ

કલોલ, તા. ૧૩

કલોલ તાલુકાના છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી સોનલ ટેક્ષ ટાઈલ્સ કંપનીમાં રહેતી અને ધો. ૫માં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય વિદ્યાર્થીની પીન્કી અમરનાથ યાદવ ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ચાલી ગઈ હતી. તેણીનો આજદિન સુધી કોઈ પત્તો મળ્યો નથી. પરિવારજનોએ તેણીની શોધખોળ માટે સગા-સંબંધીઓ તથા સખીઓનો પણ સંપર્ક કર્યો પરંતુ ક્યાંયથી સગડ ન મળતા અંતે પોલીસનો સહારો લીધો છે. કલોલ તાલુકા પોલીસમથકે દીકરી ગુમ થયાની જાણવા જોગ અરજી આપતા પોલીસે સઘન શોધખોળ આરંભી છે. પિન્કીએ શરીરે વાદળી રંગની ટીશર્ટ તથા પાયજામો પહેર્યો છે અને શરીરે પાતળા બાંધાની તથા રંગે ઘઉં વર્ણી છે. પોલીસે તેની શોધખોળ આરંભી છે.

# અધિક માસમાં શનિ અને અમાસનો મહત્વનો યોગ

અમદાવાદ, તા. ૧૩

આવતીકાલ શનિવારના રોજ શનિ અમાસ હોવાથી પ્રત્યેક શનિદેવના મંદિરોમાં શનિયજ્ઞ યોજાશે. શનિ અમાસ વર્ષમાં એક કે બે જ આવતી હોવાથી તેનું મહત્વ ઘણું છે. આ દિવસે શનિની પનોતી ધરાવનાર લોકોએ ખાસ યજ્ઞ કરવો જોઈએ. શહેરના તમામ શનિદેવ મંદિરોમાં તા. ૧૫મી સપ્ટેમ્બર, શનિવારના રોજ સવાર ૧૦.૦૦ વાગ્યાથી રાત્રીના ૧૨ વાગ્યા સુધી શનિયજ્ઞ યોજાશે. જેમાં આહુતિ આપવાથી શનિદેવની કૃપા રહે છે. આ ઉપરાંત ૧૩ જેટલી વસ્તુઓમાંથી કોઈ પણ એક વસ્તુનું દાન કરવાથી પણ શનિદોષથી મુક્તિ મળે છે. શહેરના દૂધેશ્વર ખાતે આવેલા શનિદેવના મંદિરમાં યજ્ઞ અને ગણેશયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

# શ્રેષ્ઠ ગાયન સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રણ

ગાંધીનગર, તા.૧૩

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર છેલ્લા ૪૨ વર્ષથી ગાંધીનગર ખાતે ગણેશોત્સવ પર્વ ઉજવે છે. દર વર્ષની જેમ સમિતિએ ૪૩મું પર્વ સેકટર-૨૨, રંગમંચ, ગાંધીનગર ખાતે બુધવાર, ૧૯-૯-૨૦૧૨ થી મંગળવાર ૨૫-૦૯-૨૦૧૨ સુધી ઉજવવાનું નક્કી કરેલ છે. ગણેશોત્સવ પર્વ દરમિયાન દર વર્ષની જેમ હિન્દી ફિલ્મી ગીત-સંગીત શ્રેષ્ઠ ગાયન સ્પર્ધા ગણેશોત્સવ, ૨૦૧૨ રાખવામાં આવેલ છે. જેમાં સ્પર્ધા ત્રણ ગ્રુપમાં રાખેલ છે. અ વિભાગમાં વય ગ્રુપ ૫ થી ૧૫ વર્ષ વિભાગ બમાં વય ગ્રુપ ૧૬ થી ૪૦ વર્ષ અને વિભાગ કમાં વય ગ્રુપ ૪૧થી ઉપરના સ્પર્ધકો માટે રાખેલ છે.



સોલા ભાગવતમાં વહેલી સવારે ચોરીનો બનાવ બન્યો હતો. આ મામલામાં પોલીસે ઉંડી તપાસ હાથ ધરી હતી.

# ગુજરાત અલ્પ સંખ્યક નાણાં નિગમે રૂ. ૨૪૫ લાખની લોન સહાય મંજુર કરી

ગાંધીનગર, તા.૧૩

રાજયના જુદા જુદા વિસ્તારોમાંથી આવેલી વિકલાંગ ભાઈ-બહેનોની લોન માટેની તમામ અરજીઓ મંજુર રાખી ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમે રૂ. ૨૪૫ લાખની સહાય આપી છે.

આ અંગે માહિતી આપતા ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગના ઉપાધ્યક્ષ શ્રી કાદરભાઈ સલોતે જણાવ્યું છે કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સમાજના તમામ વર્ગોનો વિકાસ થાય તેનો ખ્યાલ રાખ્યો છે. ગુજરાતના વિકલાંગ ભાઈ બહેનોનો આર્થિક વિકાસ થાય તે હેતુથી ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડે લોન માટે આવેલી તમામ અરજીઓ મંજુર રાખી છે. લોન પેટે કુલ રૂ. ૨૪૫ લાખની સહાય અરજદારોને અપાઈ છે.

ગુજરાતભરમાંથી વિકલાંગોની આવેલ અરજીઓ પૈકી અમદાવાદમાંથી ૨૨૯, અમરેલી-૧, ભાવનગર-૨, દાહોદ-૧૨૯, ડાંગ-૧૨, ગાંધીનગર-૧૦, જુનાગઢ-૫, ખેડા-૧૮, કચ્છ-૦૬, મહેસાણા-૧૨, નર્મદા-૪૯, પંચમહાલ-૪, પાટણ-૧, પોરબંદર-૧, રાજકોટ-૩૮, સાબરકાંઠા-૫૦, સુરત-૩૩, સુરેન્દ્રનગર-૧, વડોદરા-૨૬, વલસાડ-૬, તાપી-૧, ગુજરાતમાંથી આવેલ તમામ ૬૫૧ અરજીઓ મંજુર કરી વિકલાંગોને આર્થિક રીતે સ્વનિર્ભર કર્યા છે.

# દ્વિતીય ઈન્ટરનેશનલ ગ્રાન્ડ પિકસ શુટીંગ ચેમ્પિયનશીપ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ઓલમ્પિક માન્ય શુટીંગ રમતની દ્વિતીય ઈન્ટરનેશનલ ગ્રાન્ડ પિકસ શુટીંગ ચેમ્પીયનશીપમાં રાઈફલ પિસ્તોલની વિવિધ રમતો યોજાશે. આ ચેમ્પીયનશીપ ઈરાન શુટીંગ ફેડરેશન દ્વારા તા. ૧૯ થી ૨૪ ઓકટોબર દરમિયાન તહેરાન, ઈરાન ખાતે યોજાશે. ભાઈઓ તથા બહેનોની સ્પર્ધામાં એરવેપનમાં એર રાઈફલ, એર પિસ્તોલ તેમજ ફાયર આર્મ્સ ટ્રેપ, ડબલ ટ્રેપ, સ્કીટ રાઈફલની ૫૦ મીટર પ્રોન તથા ૩ પેઝીશન પિસ્તોલ ૨૫મી મીટર યોજાશે. સ્પર્ધામાં પ્રથમને ૩૦૦૦, દ્વિતીયને ૨૦૦૦, તૃતીયને ૧૦૦૦, યુ.એસ. ડોલર, પ્રમાણપત્ર અને ચંદ્રક આપવામાં આવશે. વિશ્વકક્ષાનો સ્કોર કરનારને ૫૦૦૦ યુ.એસ. ડોલર વધારાના એયનાત કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ભાઈ બહેનોએ નરેન્દ્રભાઈ ઓઝા માનદમંત્રી, ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસીએશન C/o ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસિએશન, ખાનપુર, અમદવાદ શહેર પીન-૩૮૦૦૦૧ ખાતે પત્ર દ્વારા સંપર્ક કરવો તેમ જણાવાયું છે.

# બદનામીનાં ડરથી આરોપીએ લોકઅપમાં આપઘાત કરી લીધો હતો

## પી.એસ.ઓ. વિરૂધ્ધ ખાતાકીય પગલા લેવાશે : લોકઅપ ઈન સાઈડ હોવાથી ધ્યાન રાખી શકાયું ન હતું

કલોલ, તા.૧૩

કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં કેબલચોરીના આરોપીએ લોકઅપમાં જ ગળે ફાંસો ખાઈ લેતા કલોલ ડીવીઝનના ડીવાયએસપીએ કસ્ડીયલ ડેથને ગંભીરતાથી લઈ તપાસ શરુ કરી છે. ત્યારે પહેલીવાર જ ચોરી કરીને પહેલીવારમાં જ પકડાઈ ગયેલા આ આરોપીને સમાજમાં બદનામી થશે તેવો ડર ઘુસી જતાં આપઘાતનું પગલું ભરી લીધું હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. પોસ્ટમોર્ટમના રીપોર્ટમાં પણ કોઈ ઈજાઓના નિશાન આવ્યા ન હોવાથી પોલીસે મારઝુડ કરી ન હોવાનું ડીવાયએસપીએ જણાવ્યું હતું. તે ઉપરાંત આરોપીનું ધ્યાન ન રાખી શકનાર પી.એસ.ઓ. વિરૂધ્ધ ખાતાકીય પગલાં લેવાશે તેમ પણ ડીવાયએસપી કે.એસ. સવાણીએ જણાવ્યું છે.

કલોલના ધમાસણા ગામમાં રહેતો ૪૫ વર્ષીય સનુભા બચુભા વાઘેલા અને તેનો ભાઈ કેબલ ચોરીના ગુનામાં મુદ્દામાલ સાથે બે દિવસ અગાઉ ઝડપાતા કલોલ તાલુકા પોલીસે બંનેની ધરપકડ કરી હતી. બંનેને કોર્ટમાં રજુ કરતાં પુછપરછ માટે કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતાં. રાત્રે ભાઈની આંખો મિંચાઈ ગઈ ત્યારે સનુભાઈ ધીરે રહીને તેનો શર્ટ કાઢી બાંય લોકઅપના દરવાજે બાંધી દીધી અને બીજો છેડો ગળે બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. કસ્ટડીયલ ડેથને પગલે પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. આ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ની ખુરશીથી અંદરના ભાગમાં લોકઅપ હોવાથી સતત આરોપીનું ધ્યાન રાખવું શકય ન હોવાનું જાણવા મળ્યું હતું. જો કે તે પણ પોલીસની એક પ્રકારની બેદરકારી તો કહેવાય જ. આ મૃતક આરોપીનો પોસ્ટમોર્ટમ રીપોર્ટ આજે તપાસનીસ ડીવાયએસપી કે.એસ. સવાણીને મળ્યો હતો. જેમાં ગળાના ભાગનું હાડકું ફાંસો ખાવાથી તુટી જતાં મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું હતું. તે ઉપરાંત શરીર પર અન્ય કોઈ મારઝુડનાં નિશાન મળ્યા ન હતાં. કલોલ ડીવાયએસપી સવાણીએ કરેલી તપાસ દરમિયાન આરોપીએ બદનામીનાં ડરથી આપઘાત કરી લીધો હોવાનું બહાર આવ્યું છે. જો કે હજુ તે દિશામાં પણ સઘન તપાસ ચાલી રહી છે તો બીજી તરફ આરોપીનું ધ્યાન ન રાખી શકનાર પી.એસ.ઓ. બળવંતસિંહ વિરૂધ્ધ ખાતાકીય પગલા લેવામાં આવશે તેમ ડીવાયએસપી કે.એસ. સવાણીએ જણાવ્યું હતું.

# દાંતીવાડાથી ચંડિસર સુધીનો માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર વાહન ચાલકો ભારે ત્રાહીમામ

દાંતીવાડા, તા.૧૩

દાંતવાડા કોલોનીથી ચંડિસર જતા મુખ્ય માર્ગ પર એકાદ કિલોમીટરના અંતર સુધી છેલ્લા ઘણા સમયથી માટીના ઢગલા અને વરસાદી પાણીના ધોવાણથી પડેલા મોટા ખાડાઓથી વાહન ચાલકો તોબા પોકારી ઉઠયા છે અને સત્વરે આ માર્ગ પરની માટી અને ખાડા દુર કરવા ઉગ્ર માંગ કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર દાંતાવાડા કોલોનીથી ચંડિસરના નિલપુર જવાના મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા સમયથી જેમ તેમ માટીના ઢગલા કરી દેવામાં આવ્યા છે. ઢગલાની અડધી માટી વરસાદી પાણીમાં ધોવાઈ ગઈ છે અને અડધી માટી માર્ગ પર નાના નાના ટેકરા સ્વરૂપે ચોંટી ગઈ છે. પરીણામે વાહન ચાલકોને વારંવાર બમ્પનો અહેસાસ થાય છે તો બીજી બાજુ માર્ગમાં પણ મોટા મોટા ખાડા પડી જવાથી વાહન ચાલકો આ માર્ગથી ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે અને તંત્ર વિરુધ્ધ આ મામલે અસંતોષની લાગણી વ્યકત કરી છે અને સત્વરે તંત્રના અધિકારી સ્થળની મુલાકાત લઈ યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ કરી રહ્યા છે.

# વીજ બીલમાં રાહતને કિસાન સંઘે આવકારી

ગાંધીનગર, તા. ૧૩

નવસારી ખાતે યોજાયેલા સંમેલનમાં મુખ્યમંત્રીએ ખેડૂતોના બાકી ધિરાણમાં વ્યાજ માફી તેમજ વીજળી બીલના બાકી નાણાંમાં ૫૦ ટકા રાહત આપવાની જાહેરાત કરતા ભારતીય કિસાન સંઘે હર્ષની લાગણી વ્યક્ત કરી છે. કિસાન સંઘના પ્રદેશ મહામંત્રી મણીભાઈ પટેલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના આવકારી જાહેરાત બદલ અભિનંદન પાઠવતા જણાવ્યુંહતુંકે વીજ બીલમાં રાહત આપવાની નીતિથી બીલ નહીં ભરી શકતા હોય તેવા ગરીબ ખેડૂતોને રાહત થશે.

# એન.એસ.યુ.આઈ.ની શિક્ષાધિકાર યાત્રાનું સાબરકાંઠામાં આગમન

હિંમતનગર, તા.૧૩

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ દ્વારા શિક્ષાધિકાર યાત્રા દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નોને વાચા આપવા તથા શિક્ષણની કથળેલી પરિસ્થિતિથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા એન.એસ.યુ.આઈ. દ્વારા શિક્ષાધિકારયાત્રાનું આયોજન સમગ્ર ગુજરાતમાં કરવામાં આવ્યુંછે. શિક્ષાધિકાર યાત્રાનું ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૩-૯-૧૨ના રોજ હિંમતનગર શહેરમાં આગમન થયું હતું. આ શિક્ષાધિકાર યાત્રા શહેરની તમામ કોલેજોમાં જઈ વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ, મોંઘુ શિક્ષણ, કોલેજોનું ખાનગીકરણ અને ભાજપ દ્વારા શિક્ષણનું વ્યાપારીકરણ કરી ગરીબ તથા મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓની કમર તોડી નાખી છે. આ પ્રસંગે વિદ્યાનગરી, સમર્થ, ગ્રોમોર તથા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજોમાં એન.એસ.યુ.આઈ. દ્વારા વિદ્યાર્થીઓને આ સરકારમાં પડતી મુશ્કેલીઓથી વાકેફ કર્યા હતાં.

એન.એસ.યુ.આઈ. ગુજરાત પ્રદેશ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે ૨૦૧૨ની ચૂંટણી પછી કોંગ્રેસ જો સત્તા ઉપર આવશે તો ધોરણ-૧૨ પછીના તમામ વિદ્યાર્થીઓને વિના મુલ્યે લેપટોપ આપવામાં આવશે. અને સ્વનિર્ભર કોલેજોમાં ભણતા ગરીબ અને મધ્યમ વર્ગના ૩૦ ટકા વિદ્યાર્થીઓની ફી કોંગ્રેસ દ્વારા માફ કરવામાં આવશે. એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય ડેલીગેટ વનરાજસિંહ ચાવડાએ ગુજરાતની ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે આ ભાજપ સરકારે છેલ્લા ૧૭ વર્ષમાં એક પણ ગ્રાન્ટેબલ કોલેજ આપી નથી લોભામણી જાહેરાતો કરી મુખ્યમંત્રી વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ રાઠોડે જણાવ્યું હતું કે ગુજરાતનો વિકાસ ફકત ફોટાઓમાં જ દેખાય છે. પ્રજા હવે સમજી ગઈ છે કે ભાજપ ફકત જુઠાણું ચલાવે છે. શિક્ષાધિકાર યાત્રા દરમિયાન શહેર કોંગ્રેસ પ્રમુખ જગદીશ જયસ્વાલ, જિલ્લા કોંગ્રેસ મિડિયા કન્વીનર પ્રવકતા ફારૂક ખણુસીયા, ડી.એલ. પટેલ, ઈમરાન દાવડા, રાજુભાઈ રાવલ, યુસુફભાઈ બચ્ચા વગેરે કોંગ્રેસી કાર્યકરો ખૂબ જ મોટી સંખ્યામાં શિક્ષાધિકાર યાત્રામાં જોડાયા હતાં.

## શબ્દાવલી - ૪૮૪૩




**આડી ચાવી**

- ૧. ના પાડવી તે, ... કરવો (૪)
- ૩. સમય, ટાઈમ (૩)
- ૬. અધૂરૂં હોવું તે (૪)
- ૭. લાલુપ્રસાદ યાદવના પત્ની (૫)
- ૮. અવાજ (૨)
- ૧૨. ખખડાવવું, ડારવ્ (૫)
- ૧૪. ચુકવણી કરવા માટે થોડા દિવસથી છૂટ અપાય તે (૪)
- ૧૫. પ્રેમ, પ્યાર (૨)
- ૧૬. શ્રવણેન્દ્રીય (૨)
- ૧૭. એક ધાન્ય જે ધાર્મિક રીતે પાંચમના દિવસે ખવાય (૨)
- ૧૯. સતો ગુણ,... ગુણ, તમો ગુણ (૨)
- ૨૧. વિચાર, મંતવ્ય (૨)
- ૨૨. ટોકણી કરવી તે (૩)

**ઊભી ચાવી**

- ૧. સંમતિ, કબૂલાત (૪)
- ૨. કાપડ વેચનારો (૪)
- ૩. વધારે, ઘણું (૨)
- ૪. પાન પાકીને પડી જાય તેને પાનનું... કહેવાય (૩)
- ૫. તપસ્યા (૨)
- ૬. સતત, અટક્યા વગર (૪)
- ૯. મોટાપણું (૩)
- ૧૦. જૂનું ના હોય તેવું (૨)
- ૧૧. શ્રમ (૪)
- ૧૨. આતુરતા, તરફડાટ (૪)
- ૧૩. ખંજવાળ, ચળ (૩)
- ૧૪. મુકામ, રહેઠાણ (૩)
- ૧૮. તક (૨)
- ૨૦. જુસ્સો (૨)

**શબ્દાવલી ૪૮૪૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧) શણગાર (૫) વીતરાગ (૬) માણેકચંદ (૮) ચપળતા (૧૦) કુંપળ (૧૨) લીખ (૧૪) માદકતા (૧૫) કોમન (૧૬) માનવા (૧૭) વાંક (૧૮) નભ (૧૯) મદાર

**ઊભી ચાવી :-** (૧) શરમાળ (૨) ગાયક (૩) લાત (૪) અંગત (૫) વીદપ (૭) ચંચળતા (૯) તાલીમ (૧૦) કુંદન (૧૧) પકવાન (૧૩) ખનકાર (૧૪) મામાટ (૧૫) કોકમ

## હેલ્થ પ્લાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેવાઓના સઘનીકરણ અંગે આરોગ્ય કમિશનરશ્રીને જણાવ્યું હતું. આ પછી શહેરની આરોગ્ય સેવાઓના સઘનીકરણ અંગે તેમણે સૂચનો કરતો પત્ર પણ લખ્યો હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય કમિશનરશ્રીએ આ બાબતને અગ્રતા આપી હતી અને ગાંધીનગર શહેરના હેલ્થ પ્લાનને તૈયાર કરવા માટે અધિકારીઓને સૂચનાઓ અને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું. તેમણે એક-બે વખત વિવિધ સેકટરોના દવાખાનાઓની મુલાકાત પણ લઈ અને તંત્રને તાત્કાલિક આગળ વધવા માટે જણાવ્યું હતું.

પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્ર દ્વારા પણ આ અંગે જરૂરી અભ્યાસ અને દર્દીઓની સંખ્યા ઓ.પી.ડી. તેમજ જરૂરિયાતો જેવા પાસા આવરી લઈ આખો ડ્રાફ્ટ પ્લાન તૈયાર કરી મંજૂરી માટે મોકલ્યો છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં હાલ ૧૧ જેટલા દવાખાનાઓ સેક્ટરોમાં આવેલા છે. આ ૧૧ દવાખાનાઓ પૈકી પાંચ શહેરી વિસ્તારના અને એક ગ્રામ્ય વિસ્તારના દવાખાનાને અપગ્રેડ કરવા માટેની ભલામણ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩૦માં ડિસ્પેન્શરીનું જે બિલ્ડીંગ છે તે તોડી પાડી અહિ એક મીની હોસ્પિટલ જેવું બિલ્ડીંગ કરવાની ભલામણ કરવામાં આવી છે. ગાંધીનગર નજીક અમદાવાદ હિંમતનગર હાઈવે પસાર થતો હોઈ અકસ્માત અને અન્ય કેસોમાં અહિ તાત્કાલિક સારવાર મળે તે માટે ૫૦ જેટલી પથારીની સુવિધા રાખવા માટેની પણ ભલામણ કરવામાં આવી છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આ ડ્રાફ્ટ પ્લાન મંજૂર થતાં શહેરમાં આરોગ્ય સેવાઓનું સઘનીકરણ થશે એટલુ જ નહિ સિવિલ હોસ્પિટલના ભારણમાં પણ ઘટાડો થશે. હાલ સિવિલ હોસ્પિટલ એ એક માત્ર જિલ્લાકક્ષાની આરોગ્ય સુવિધાઓ પુરી પાડતી મોટી હોસ્પિટલ છે.

રાજ્ય સરકારે માણસા ખાતે પણ ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ આ વર્ષે જ બનાવવાનો નિર્ણય કર્યો છે અને તે અંગે અંદાજપત્રમાં જરૂરી જોગવાઈ પણ કરી છે. આમ આગામી દિવસોમાં શહેર અને જિલ્લાની આરોગ્ય સેવાઓનું સઘનીકરણ કરવામાં આવશે.

રાજ્ય સરકારે જિલ્લામાં ત્રણ આયુર્વેદ ડિસ્પેન્શરીઓ શરૂ કરવાની દિશામાં પણ કાર્યવાહી હાથ ધરી છે તે ઉલ્લેખનીય છે.

## વ્યાજ માફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેવા સંજોગોમાં આ વખતે ખેડૂતોની પડખે ઉભા રહીને તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૧૨ સુધીમાં ખેડૂતોએ લીધેલા ખરીફ પાક ધિરાણના વ્યાજનું સંપૂર્ણ ભારણ રાજ્ય સરકારે ઉઠાવવાનો નિર્ણય કર્યો છે. અને તે પેટેની રૂા. ૩૦૦ કરોડ જેટલી જંગી રકમ સરકાર ભોગવવાની છે. આમ, ખેડૂતોને મોટી રાહત આપવાનો નિર્ણય ખેડૂતોના વ્યાપક હિતમાં રાજ્ય સરકારે કર્યો છે.

મુખ્યમંત્રીએ ખેડૂતોને કૃષિવિષયક વીજબિલમાં રાહત અંગેની ભૂમિકા આપતાં જણાવ્યું કે જેમ પાક ધિરાણમાં મદદની આવશ્યકતા છે એ જ પ્રમાણે આ વર્ષે વરસાદ ખેંચાતા ખેડૂતોએ પાક માટે જુદા જુદા જળસંગ્રહ સાધનોમાંથી પાણી લેવાના કારણે વીજ બિલની મોટી રકમ તેમને વહન કરવાનો વારો આવ્યો છે. રાજ્ય સરકાર હાલ આવા વીજળી બિલમાં રૂા. ૩૦૦૦ કરોડની સબસિડી આપે છે જે દેશમાં સૌથી વધારે છે. પરંતુ આ વર્ષે વિશેષ સ્થિતિને ધ્યાનમાં લેતા વીજ બિલમાં અડધો અડધ એટલે કે પચાસ ટકા માફી રાજ્ય સરકાર આપવાની છે.

# ગુજરાતે બીપીએલ કાર્ડ ધારકો માટે સમયથી સર્વે કરાવ્યો નથી

અમદાવાદ, તા.૧૩

કેન્દ્ર સરકાર દ્વારા સામાજિક-આર્થિક મોજણી માટે વિવિધ આર્થિક માપદંડો માટે બીપીએલ કાર્ડધારકો માટે દેશના તમામ રાજ્યોને ૧લી જૂનથી ૩૧ ડીસેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો હતો. દેશના તમામ રાજ્યોમાં બીપીએલ કાર્ડ ધારકો માટેનો સર્વે ડિસેમ્બર-૧૧માં પૂર્ણ થઈ ગયો છે. જ્યારે ગુજરાત સરકારે અગમ્ય કારણોસર ગરીબો ન બતાવતા અને ગરીબોને તેના લાભથી વંચિત રાખવા સમયસર સર્વે કર્યો નહીં જેના લીધે ગુજરાતના હજારો બીપીએલ કાર્ડ ધારકો પરેશાની ભોગવી રહ્યા છે તેમ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા સામાજિક-આર્થિક મોજણી માટે આપવામાં આવેલા સમયગાળામાં સર્વે કરવામાં નિષ્ફળ રહેલી ભાજપ સરકાર દોષનો ટોપલો કેન્દ્ર પર ઢોળીને હળહળતું જુઠ્ઠાણું ફેલાવી રહી છે. કોંગ્રેસે પક્ષ દ્વારા જિલ્લા આયોજનની બેઠકમાં અને ગ્રામ વિકાસ વિભાગમાં રજુઆત કરતાં અંતે ગુજરાત સરકારે ૧૬ જાન્યુઆરી ૨૦૧૨ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૨ સુધી એક માસના ગાળામાં સર્વે કરવાનું નક્કી કર્યું જેમાં ૧૫ દિવસ સુધી ડેટા એન્ટ્રી ઓપરેટરની નિમણુંક કરી નહીં અને સમગ્ર રાજ્યમાં ૧૫ દિવસમાં જ સર્વેનું કામ પૂર્ણ કરી દેવાયું. જેમાં મોટાભાગના વિસ્તારોનું કામ માત્ર કાગળ પર જ રહ્યું.

હજુ ૧૪ બ્લોકનું કામ અપલોડ કરવાનું બાકી છે તથા કલેઈમર અને ઓબ્જેક્શનનું કામ પણ બાકી છે. મોટાભાગના વિસ્તારોમાં ગરીબ પરિવારોની મુલાકાત લીધા સિવાય આડેધડ બીપીએલ કાર્ડ ધારકો માટે સર્વે કરવામાં આવ્યો છે.

## નવો શેડ બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જટીલ બનતી જાય છે. સે-૧૬માં સ્થિત પાટનગર યોજના ભવનની કચેરી સામે પણ પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે રોજબરોજ આડેધડ કાર પાર્કીંગ થાય છે. જો કે થોડા સમય અગાઉ પણ તંત્ર દ્વારા પાર્કીંગ પ્લેસના સ્થળે નવો શેડ બનાવાયો હતો. આ વિસ્તારમાં તોફાને ચઢેલા વાનરોએ વાહનોને નુકશાન પહોંચાડયું હોવાના પણ અનેક કિસ્સાઓ અગાઉ તંત્રના ધ્યાને આવ્યા હતા.ત્યારબાદ નવા બે પાર્કીંગ શેડ બનાવવા આયોજન કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ અગામી દિવસોમાં શેડનું કામ શરુ કરી દેવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ.૧ લાખનો ખર્ચ થશે.

**કંપની સમાચાર**

# રેલિગેર ફિનવેસ્ટ લિમિટેડ રિડીમેબલ એનસીડી દ્વારા રૂા. ૫૦૦ કરોડ એકત્ર કરશે

રેલિગેર એન્ટરપ્રાઈઝ લિમિટેડ (આરઈએલ)ની સબસિડીયરી રેલિગેર ફિનવેસ્ટ લિમિટેડ (આરએફએલ) પ્રત્યેક રૂા. ૧૦૦૦ ની કિંમતમાં કુલ રૂા. ૨૫૦ કરોડનાં સિક્યોર્ડ રિડીમેબલ નોન કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી) બહાર પાડશે. આ એનસીડીમાં વધારાના એનસીડી ઈશ્યુ કરવા માટે રૂા. ૨૫૦ કરોડ સુધીનું ઓવર સબસ્ક્રિપ્શન જાળવી રાખવાનો વિકલ્પ છે. આમ, આ ઈશ્યુમાં કુલ રૂા. ૫૦૦ કરોડનું ભંડોળ એકત્ર કરવામાં આવશે. આરએફએલ આરબીઆઈ સાથે નોંધાયેલી છે અને નોન - ડિપોઝીટ સ્વીકારતી નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપની છે. આ ઈશ્યુ શુક્રવાર, તા. ૧૪ સપ્ટેમ્બરનાં રોજ ખુલશે અને ૨૭મી સપ્ટેમ્બરનાં રોજ બંધ (બંને દિવસો સહિત) થશે. એનસીડીના અરજીકર્તાઓને વહેલાં તે પહેલાંનાં ધોરણે (સ્ટોક એક્સચેન્જીસની ઈલેક્ટ્રોનિક બુકમાં પ્રત્યેક અરજીના અપલોડના આધારે) એનસીડી ફાળવવામાં આવશે. ઈશ્યુ માટે બીએસઈ ડેઝીગનેટેડે સ્ટોક એક્સચેન્જ હશે.

ઈશ્યુ માટેનું લઘુતમ અરજી કદ રૂા.૧૦,૦૦૦ અથવા તો રૂા. ૧૦૦૦ નો એક એવા ૧૦ એનસીડી (એનસીડીની તમામ સિરીઝ-સિરીઝ વન, સીરીઝ ટુ, સીરીઝ થ્રી, સીરીઝ ફોર અને સિરીઝ ફાઈવ - વ્યક્તિગત કે સામુહિક રીતે) છે. આ ઈશ્યુ જારી કરવામાં આવી રહેલા એનસીડીની મુદત ૩૬ મહિના અને એક દિવસ, ૬૦ મહિના અને ૭૨ મહિના છે. એનસીડી વાર્ષિક ૧૨.૬૧૮૪ ટકા વળતર આપે છે. ૭૦ મહિના (સિરીઝ ફાઈવ)ની મુદતના એનસીડીમાં માત્ર ક્યુમ્યુલેટિવ વિકલ્પ જ છે અને તેમાં બમણું વળતર મળશે.